NATWARLAL K. PATEL
B.Com., LL.B., Advocate
Office:- 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
Ph. : 079-27500560, Email :- nkpatel1953@gmail.com

Date : 11/01/2021

# સર્ચ રીપોર્ટ

પ્રતિ,

**" એરીયન રીયાલીટી એલએલપી"** એ
નામની ભાગીદારી પેઢી જે લીમીટેડ લાયાબીલીટીઝ
પાર્ટનરશીપ એકટ- ૨૦૦૮ ની કલમ- ૨૩(૪)
અન્વયે નં. **AAQ-6772** થી તા.૨૭/૦૯/૨૦૧૯
ના રોજથી નોંધાવી એલ.એલ.પી. એગ્રીમેન્ટથી
રચાયેલ ભાગીદારી પેઢી છે.જેની રજીસ્ટર્ડ
ઓફીસઃ- ૧૦૪, શ્યામ -૨, બાંકે બિહારી મંદીર
નજીક, ગુલાબ ટાવર રોડ, થલતેજ, અમદાવાદ
મુકામે આવેલી છે .

N. K. PATEL ADVOCATE G/425/1977

**બાબતઃ-** રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે અડાલજ ગામની સીમના બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં.૨૫૩/૬) ની ૨૬૩૦ સ.ચો.મીટર જમીન તથા બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં.૨૫૩/૮) ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર જમીન મળી મજકુર બંને જમીનોને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાલજ) પાર્ટ-એ મા આવરી લઈ ફાળવવામા આવેલ અનુક્રમે ફા.પ્લોટ નં. ૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન તથા ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન મળી **કુલે- ૨૯૨૬ સ.ચો.મીટર વાણિજય હેતુ માટેની એન.એ.વાળી જમીન અંગેનો સર્ચ રીપોર્ટ**

આપની સુચનાથી અમોએ મોજે અડાલજ ગામની સીમના બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં. ૨૫૩/૬) ની ૨૬૩૦ સ.ચો.મીટર જમીન તથા બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં.૨૫૩/૮) ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર જમીન મળી મજકુર બંને જમીનોને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાલજ) પાર્ટ-એ મા આવરી લઈ ફાળવવામા આવેલ અનુક્રમે ફા.પ્લોટ નં. ૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન તથા ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન મળી કુલે- ૨૯૨૬ સ.ચો.મીટર વાણિજય હેતુ માટેની એન.એ.વાળી જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે તા.૦૩/૦૧/૨૦૨૧ ના રોજ "દિવ્ય ભાસ્કર" દૈનીક પેપરમાં જાહેર નોટીસ આપેલી. જેના આધારે આજદીન સુધી કોઈના વાંધાઓ નક્કી કરેલ મદતમાં અમોને ન

ATEL
CATE *
/1977



મળતા અમોએ છેલ્લા ૩૦ વર્ષના તલાટીના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના ગાંધીનગરના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી તા. ૦૭/૦૧/૨૦૨૧ ના રોજ સદર જમીન અંગેની સર્ચ કરાવી તેના કાગળો, દસ્તાવેજો, એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે કરી આપેલ નોટરી રૂબરૂના તા.૧૧/૦૧/૨૦૨૧ ના રોજના ડેકલેરેશનના આધારે સદર સર્વે નંબરની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

<u>સર્વે નં. ૩૪૧ ની વિગત</u>

(૧)..મજકુર બ્લોક નં.૩૪૧ ના જુના સર્વે નં.૨૫૩/૬ ની એકર,૦૦-૨૬ ગુઠા યાને ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનનો પ્રથમ સને ૧૯૫૧ ની સાલથી શ્રી બાપાલાલ પ્રાણશંકર સ્વતંત્ર માલીક તરીકે પ્રત્યક્ષ કબજો ભોગવટો કરતા આવેલા હતા.

(૨)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા અગાઉ ગણોતીયા તરીકે શ્રી બબાજી રવાજીનુ નામ દાખલ કરવામા આવેલુ.પરંતુ સને ૧૯૫૬-૫૭ ની સાલમા ગણોતીયામા ફેરફાર થયેલ હોઈ તે મુજબના હકકો દાખલ કરવા તથા કમી કરવા બાબતેની નોંધ સદર જમીનના રેકર્ડમા બીજા હકકમા એન્ટ્રી નં.૩૬૬૨ થી તા. ૦૪/૦૫/૧૯૫૭ ના રોજ કરી સદર જમીનના ગણોતીયા શ્રી બબાજી રવાજીનુ નામ કમી કરી શ્રી ભલાભાઈ અંબાલાલનુ નામ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩)..ત્યારબાદ મે.ખેતીની જમીનના ન્યાયાધીકરણ અને ડેપ્યુટી કલેકટર સાહેબ,દસ્ક્રોઈ તાલુકાના હુકમ નં.૧૨૭૩ થી તા.-/૧૨/૧૯૫૯ મુજબ નીચે જણાવેલ કબજેદારોને સદર સર્વે નં.૨૫૩/૬ ની જમીનના ગણોતધારાની કલમ-૮૮(ક) મુજબ સર્ટીફીકેટ મળેલ હોવાથી મજકુર સર્વે નંબરના ગણોતીયા હોવા છતા તેઓ ખરીદવાને હકકદાર હોવા છતા તેની ખરીદી મોકુફ રાખવા તા. ૦૧/૦૬/૧૯૫૯ ના રોજનો ઠરાવ થવાથી સદર ઠરાવની નોંધ મજકુર જમીનના રેકર્ડમા બીજા હકકમા એન્ટ્રી નં.૩૮૮૫ થી તા.૨૦/૦૨/૧૯૬૦ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૧/૦૪/૧૯૬૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.એ રીતે મજકુર જમીનના કબજેદાર શ્રી બાપાલાલ પ્રાણશંકર તથા ગણોતીયા શ્રી ભલાભાઈ અંબાલાલ તથા શ્રી ઉગરાજી વિરાજીના નામ દર્શાવેલ છે.

(૪)..ત્યારબાદ મજકુર જમીનના માલીક શ્રી બાપાલાલ પ્રાણશંકર મહેતાનુ તા.૦૩/૦૪/૧૯૬૧ ના રોજ બીનવસીયતે અવસાન થવાથી તેમના સીધી લીટીના કાયદેસરના વારસદાર તરીકે તેમના ભાભી ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવા સિવાય બીજા કોઈ જ વારસદારો ન હોવાથી વારસાઈ હકકની રૂઈએ ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવાનુ સ્વતંત્ર નામ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૪૦૭૫ થી તા. ૨૨/૦૬/૧૯૬૧ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૫/૧૨/૧૯૬૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૫)..ત્યારબાદ મે.સેટલમેન્ટ કમીશ્નરશ્રી અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડસ, ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નં.૧૫૪ મોજે અડાલજ (તાલુકો દસ્ક્રોઈ) ગાંધીનગર,અમદાવાદ ગામના ખેતી લાયક જમીનોને એકત્રીકરણની યોજના લાગુ પાડતા સદર એકત્રીકરણ યોજના મે.સેટલમેન્ટ કમીશ્નર સાહેબ,ગુજરાત રાજ્યે ગુજરાત મેજર જુલાઈ તા.૧૬/૧૯૯૪ ના ભાગ ૧૫ ના પાના નં.૨૦૧૧ ઉપર છાપી પ્રસિધ્ધ કરેલી છે તેના આધારે અડાલજ ગામના બ્લોક નં.૧ થી ૧૪૭૪ સુધીના યોજના સ્કીમના તકતા ઉપથી નવુ રેકર્ડ તૈયાર કરી હકક પત્રકમા એન્ટ્રી નં.૪૩૬૪ થી તા.૦૧/૦૧/૧૯૬૬ ના રોજ એકત્રીકરણ યોજનાની નોંધ કરી સદર એન્ટ્રી તા.૦૭/૦૨/૧૯૬૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.એ રીતે મજકુર અડાલજ ગામના સર્વે નં.૨૫૩/૬ ની એકર, ૦૦-૨૬ ગુઠા જુની શરતની ખેતીની જમીનને ઐકત્રીકરણ મુજબ નવો બ્લોક નં. ૩૪૩ ની એકર,૦૦-૨૬ ગુઠા યાને ૨૬૩૦ સ.ચો.મીટર આપવામા આવેલી છે.તેમજ મજકુર જમીનમા સામાન્ય ગણોતીયા તરીકે શ્રી ભલાભાઈ અંબારામનુ નામ ગણોતધારાની કલમ-૮૮(બ) મુજબ દર્શાવેલ છે.

(૬)..ત્યારબાદ ગણોતધારાની કલમ-૪૩ મુજબ પ્રતિબંધીત સત્તા પ્રકારે ગણોતીયા શ્રી ભલાભાઈ અંબારામ માલીક થવાથી મજકુર બ્લોક નં.૩૪૩ ની જમીન તથા અન્ય જમીનની ખરીદ કિંમત રૂા.૧૨૦૦/- પુરા ઠરાવી ત્રણ હપ્તે વસુલ આપવા તેમજ તે મુજબ સદર જમીન પર ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવાનો બોજો રાખવા ગણોત કેસ નં.૩૨/જી/અડાલજ/૨/૬૭ થી તા.૧૮/૦૭/૧૯૬૮ ના આદેશથી પ્રમાણીત નકલો આર.ટી.એસ.ડેપ્યુટી મામલતદારનાએ ગામ રૂબરૂ આપવાથી તે અંગેની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૬૦૨૧ થી તા.૦૭/૦૮/૧૯૭૫ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૩/૧૨/૧૯૭૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા શ્રી ભલાભાઈ અંબારામનુ નામ દાખલ કરવામા આવેલુ.પરંતુ સદર જમીનના સત્તા પ્રકારના કોલમમા "પ્રતિબંધીત સત્તા પ્રકાર ગ.ધા.ક.-૪૩" મુજબ એવી નોંધ કરવામા આવેલી છે.

(૭)..ત્યારબાદ મજકુર જમીનના ગણોતીયા શ્રી ભલાભાઈ અંબારામે સરકારે નકકી કરેલ ખરીદ કિંમત રૂા.૧૨૦૦/- પુરા મજકુર જમીનના માલીક ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવાને ચુકવી આપતા મે.મામલતદાર સાહેબ અને કૃષિપંચ સાહેબના હુકમના આધારે સદર જમીન મે.કલેકટર સાહેબની પુર્વ મંજુરી સિવાય વેચાણ,ગીરો,વહેંચણી,બક્ષીસ ન કરવાની શરતે બોજા કમીની નોંધ રેકર્ડમા એન્ટ્રી નં.૬૨૨૧ થી તા.૧૬/૧૨/૧૯૭૭ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૯/૦૪/૧૯૭૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૮)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા એકત્રીકરણ બાબતે અગાઉ કરવામા આવેલ નોંધમા સુધારાની નોંધ એન્ટ્રી નં.૬૬૪૯ થી તા.૦૩/૧૦/૧૯૮૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૪/૧૨/૧૯૮૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૯)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ૨૬૩૦ સ.ચો.મીટર "પ્રતિબંધીત સત્તા પ્રકાર" ની ખેતીની જમીન અંગે ખેતી ખેતી માટે "જુની શરત"માં ટ્રાન્સફર કરવા માટેની પરવાનગી મે.પ્રાંત અધિકારીશ્રી સાહેબ,ગાંધીનગરનાએ તેમના હુકમ નં.એસ.આર./૩૧૦/૯૮/વશી/૭૨૯૦/૯૭-૯૮

થી તા.૨૬/૦૬/૧૯૯૮ ના રોજ મજકુર જમીનના રેકર્ડમાંથી "પ્રતિબંધીત સત્તા પ્રકાર" શબ્દ દુર કરવા તેમજ સદર જમીનને "માત્ર બીનખેતીના હેતુ માટે પ્રીમીયમને પાત્ર" એવી નોંધ કરવા હુકમ કરેલ છે.મજકુર હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૯૩૫૯ થી તા.૧૧/૧૨/૧૯૯૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા. ૧૬/૦૧/૧૯૯૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૦)..ત્યારબાદ મજકુર જમીનના માલીક શ્રી ભલાભાઈ અંબાલાલ પટેલનુ તા.૧૫/૦૪/૧૯૯૯ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ શ્રી ભલાભાઈ અંબાલાલ પટેલના અવસાન સમયે તેમના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ તથા શ્રી સુરેશભાઈ ભલાભાઈ પટેલ તથા શ્રી ચંદ્રકાંતભાઈ ભલાભાઈ પટેલ તથા હંસાબેન ભલાભાઈ પટેલ તથા શ્રીમતી તારાબેન તે ભલાભાઈ અંબાલાલ પટેલની વિધવા સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ મજકુર જમીન તથા અન્ય જમીનોના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ તથા પંચનામુ રજુ કરતા રેકર્ડમા શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૪૬૫ થી તા.૧૭/૧૧/૧૯૯૯ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૦૭/૦૧/૨૦૦૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૧)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ તથા શ્રી સુરેશભાઈ ભલાભાઈ પટેલ તથા શ્રી ચંદ્રકાંતભાઈ ભલાભાઈ પટેલ તથા હંસાબેન ભલાભાઈ પટેલ તથા શ્રીમતી તારાબેન તે ભલાભાઈ અંબાલાલ પટેલની વિધવા ના કુલ મુખત્યાર તરીકે શ્રી ગોપાલભાઈ પ્રતાપજી સાલવી પાસેથી શ્રી મહેશ કરશનદાસ ઠકકરે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૧૮/૧૦/૨૦૦૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નંબરથી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજંકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી મહેશ કરશનદાસ ઠકકરનુ સ્વતંત્ર નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૯૫૭૮ થી તા.૧૬/૧૨/૨૦૦૦ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૪/૦૧/૨૦૦૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક શ્રી મહેશ કરશનદાસ ઠકકર પાસેથી શ્રી દિનેશભાઈ રમણભાઈ પટેલ તથા શ્રી શૈલેષકુમાર બાબુભાઈ પટેલે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૧૪/૦૨/૨૦૦૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૫૭૭ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી દિનેશભાઈ રમણભાઈ પટેલ તથા શ્રી શૈલેષકુમાર બાબુભાઈ પટેલના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૧૦૩૩૫ થી તા.૧૪/૦૨/૨૦૦૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૬/૦૬/૨૦૦૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૩)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ર૬૩૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી દિનેશભાઈ રમણભાઈ પટેલ તથા શ્રી શૈલેષકુમાર બાબુભાઈ પટેલ પાસેથી શ્રી સંજયકુમાર રાયચંદભાઈ પટેલે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૧૫/૦૬/૨૦૦૭ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૭૬૮૭ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી સંજયકુમાર રાયચંદભાઈ પટેલનુ સ્વતંત્ર નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૧૧૦૭૭ થી તા.૦૨/૧૦/૨૦૦૭ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૪/૦૧/૨૦૦૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૪)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ર૬૩૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક શ્રી સંજયકુમાર રાયચંદભાઈ પટેલ પાસેથી શ્રી માધુભાઈ ચેલદાસ પટેલ તથા રાજુલાબેન પ્રભુદાસ પટેલ તથા શ્રી ગીરીશકુમાર પ્રહલાદભાઈ પટેલ તથા શ્રી કિર્તીભાઈ ગણેશભાઈ પટેલે તેમની સ્વપાર્જીત તથા સ્ત્રીધનની જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા. ૦૫/૦૭/૨૦૦૭ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૮૬૨૧ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી માધુભાઈ ચેલદાસ પટેલ તથા રાજુલાબેન પ્રભુદાસ પટેલ તથા શ્રી ગીરીશકુમાર પ્રહલાદભાઈ પટેલ તથા શ્રી કિર્તીભાઈ ગણેશભાઈ પટેલના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૧૧૨૮૨ થી તા.૨૨/૦૪/૨૦૦૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૬/૨૦૦૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૫)..મજકુર જમીનના રેકર્ડમા મે.ડી.આઈ.એલ.આર.શ્રી ગાંધીનગરના દુરસ્તીપત્રક નં.૧૩૫ ના આધારે તથા નગર રચનાના રેકર્ડના આધારે કે.જે.પી. દુરસ્તીની નોંધ એન્ટ્રી નં.૧૩૪૦૫ થી તા.૧૨/૦૨/૨૦૧૩ ના રોજ કરવામા આવેલી છે.પરંતુ સદર એન્ટ્રી મે.નાયબ મામલતદારે રદ કરેલ છે.

(૧૬)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ર૬૩૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી માધુભાઈ ચેલદાસ પટેલ તથા રાજુલાબેન પ્રભુદાસ પટેલ તથા શ્રી ગીરીશકુમાર પ્રહલાદભાઈ પટેલ તથા શ્રી કિર્તીભાઈ ગણેશભાઈ પટેલ પાસેથી શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા (૫૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી મનીષભાઈ સીતારામભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી રાજ સુરેશભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી ગણેશભાઈ મણીલાલ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી પોપટભાઈ જીવણલાલ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી નરેશભાઈ દલાભાઈ લેઉઆ (૧૦ ટકાના હિસ્સેદાર)એ તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૩૧૨૩ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના

કોલમમાં એન્ટ્રી નં.૧૪૬૨૨ થી તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૧/૧૨/૨૦૧૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૭)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં.૨૫૩/૬) ની ૨૬૩૦ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાલજ) પાર્ટ-એ મા આવરી લઈ ફા.પ્લોટ નં.૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર જમીન ફાળવવાનુ નકકી કરેલુ.

(૧૮)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં.૨૫૩/૬) ની ૨૬૩૦ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીન ઉચ્ચક કુલે રૂા.૯૩,૯૯,૫૦૦/- અંકે રૂપિયા ત્રાણુ લાખ નવ્વાણુ હજાર પાંચસો પુરામા મજકુર જમીનના માલીકો શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરે પાસેથી "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ લેવાનુ નકકી કરેલુ.તેમજ સદર જમીનના મળવા પાત્ર ફા.પ્લોટ પ્રમાણેની જમીનમા સરકારમા ભરવાની થતી પ્રિમીયમની રકમો તથા એન.એ. ની પરવાનગી મેળવવાની જવાબદારી સદર "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ પુર્ણ કરેલી.

(૧૯)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની ૨૬૩૦ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીનના મળવા પાત્ર ફા.પ્લોટ નં.૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર જમીનમા વાણિજય હેતુ માટે જુની શરતમા ટ્રાન્સફર કરવા માટેની પરવાનગી મેળવવા માટે મજકુર જમીન માલીકોના નામથી "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ ગાંધીનગરના મે.કલેકટર સાહેબની કચેરીમાં અરજી કરતા ગાંધીનગરના મે.કલેકટર સાહેબે તેમના હુકમ નં.પુનઃવિચારણા એસ.આર./૧૧૫/૧૭/સીબી/ગણોત/વશી.૪૮૦૧ થી ૪૮૦૯/૨૦૧૭ થી તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ સદર જમીનની જંત્રીની કિંમત રૂા.૯૩,૯૯,૫૦૦/- પુરાની રકમના ૪૦ ટકા લેખે ભરવાની થતી પ્રિમીયમની રૂા.૩૭,૫૯,૮૦૦/- પુરા ભરપાઈ કરવા માટેની જાણ કરતા મજકુર પ્રિમીયમની રકમ સદર "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ સરકારમા જમા કરાવેલી.તેમજ મજકુર રકમ ભરપાઈ થયા બાદ અડાલજ ગામના મે.તલાટી કમ મંત્રીશ્રી સાહેબે પહોંચ નં.૨૭ થી તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજથી આપી સરકારમા પ્રિમીયમની રકમ ભર્યાની જાણ કરેલી છે.જેની રૂઈએ મજકુર જમીનને બીનખેતીના વાણિજય હેતુ માટે હેતુ ફેર કરવાની મંજુરી આપેલ છે. સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૪૯૨૩ થી તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૩/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૦)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં.૨૫૩/૬) ની ૨૬૩૦ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર ખેતીની જમીનમા બીનખેતીનો ઉપયોગ કરવા માટેની પરવાનગી મેળવવા માટે મજકુર જમીન માલીકોના નામથી "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ ગાંધીનગરના મે.કલેકટર સાહેબની કચેરીમા અરજી કરતા ગાંધીનગરના મે.કલેકટર સાહેબે તેમના હુકમ નં.સીબી/જમીન/તત્કાલ/બી.ખે./એસ.આર./૪૩/૧૭/વશી. ૧૨૪૯૦ થી ૧૨૫૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પરવાનગી આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૫૦૫૮ થી તા.૨૫/૦૪/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૬/૦૬/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૧)..ત્યારબાદ સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીએ મજકુર જમીનના અગાઉના માલીકો શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરે પાસેથી કરાવેલ લખાણને આધીન મજકુર બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં. ૨૫૩/૬)ની ૨૬૩૦સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર વાણિજય હેતુ માટેની એન.એ. વાળી જમીન તેના માલીકો શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરે પાસેથી સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારશ્રી નરેન્દ્રકુમાર ઠાકરશીભાઈ ઠક્કરે તા.૦૩/૧૨/૨૦૧૮ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૪૪૯૭ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૫૩૦૮ થી તા.૦૫/૧૨/૨૦૧૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૩/૦૧/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

**<u>સર્વે નં. ૩૪૬ ની વિગત</u>**

(૨૨)..મજકુર બ્લોક નં.૩૪૬ ના જુના સર્વે નં.૨૫૩/૮ની એકર,૦૦-૨૭ ગુઠા યાને ૨૭૩૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનનો પ્રથમ સને ૧૯૫૧ ની સાલથી શ્રી બાપાલાલ પ્રાણશંકર સ્વતંત્ર માલીક તરીકે પ્રત્યક્ષ કબજો ભોગવટો કરતા આવેલા હતા.

(૨૩)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા અગાઉ ગણોતીયા તરીકે શ્રી બબાજી રવાજીનુ નામ દાખલ કરવામા આવેલુ.પરંતુ સને ૧૯૫૬-૫૭ ની સાલમા ગણોતીયામા ફેરફાર થયેલ હોઈ તે મુજબના હકકો દાખલ કરવા તથા કમી કરવા બાબતેની નોંધ સદર જમીનના રેકર્ડમા બીજા હકકમા એન્ટ્રી નં.૩૬૬૨ થી તા. ૦૪/૦૫/૧૯૫૭ ના રોજ કરી સદર જમીનના ગણોતીયા શ્રી બબાજી રવાજીનુ નામ કમી કરી શ્રી ભલાભાઈ અંબાલાલનુ નામ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૪)..ત્યારબાદ મે.ખેતીની જમીનના ન્યાયાધીકરણ અને ડેપ્યુટી કલેકટર સાહેબ,દસ્ક્રોઈ તાલુકાના હુકમ નં.૧૨૭૩ થી તા.-/૧૨/૧૯૫૯ મુજબ નીચે જણાવેલ કબજેદારોને સદર સર્વે નં. ૨૫૩/૮ ની જમીનના ગણોતધારાની કલમ-૮૮(ક) મુજબ સર્ટીફીકેટ મળેલ હોવાથી મજકુર સર્વે નંબરના ગણોતીયા હોવા છતા તેઓ ખરીદવાને હકકદાર હોવા છતા તેની ખરીદી મોકુફ રાખવા તા. ૦૧/૦૬/૧૯૫૯ ના રોજનો ઠરાવ થવાથી સદર ઠરાવની નોંધ મજકુર જમીનના રેકર્ડમા બીજા હકકમા એન્ટ્રી નં.૩૮૮૫ થી તા.૨૦/૦૨/૧૯૬૦ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૧/૦૪/૧૯૬૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.એ રીતે મજકુર જમીનના કબજેદાર શ્રી બાપાલાલ પ્રાણશંકર તથા ગણોતીયા શ્રી ભલાભાઈ અંબાલાલ તથા શ્રી ઉગરાજી વિરાજીના નામ દર્શાવેલ છે.

(૨૫)..ત્યારબાદ મજકુર જમીનના માલીક શ્રી બાપાલાલ પ્રાણશંકર મહેતાનુ તા.૦૩/૦૪/૧૯૬૧ ના રોજ બીનવસીયતે અવસાન થવાથી તેમના સીધી લીટીના કાયદેસરના વારસદાર તરીકે તેમના

ભાભી ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવા સિવાય બીજા કોઈ જ વારસદારો ન હોવાથી વારસાઈ હકકની રૂઈએ ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવાનુ સ્વતંત્ર નામ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૪૦૭૫ થી તા.૨૨/૦૯/૧૯૬૧ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૫/૧૨/૧૯૬૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૬)..ત્યારબાદ મે.સેટલમેન્ટ કમીશ્નરશ્રી અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડસ, ગુજરાત રાજય અમદાવાદના હુકમ નં.૧૫૪ મોજે અડાલજ (તાલુકો દસ્ક્રોઈ) ગાંધીનગર,અમદાવાદ ગામના ખેતી લાયક જમીનોને એકત્રીકરણની યોજના લાગુ પાડતા સદર એકત્રીકરણ યોજના મે.સેટલમેન્ટ કમીશ્નર સાહેબ,ગુજરાત રાજયે ગુજરાત મેજર જુલાઈ તા.૧૬/૧૯૯૪ ના ભાગ ૧૫ ના પાના નં.૨૦૧૧ ઉપર છાપી પ્રસિધ્ધ કરેલી છે તેના આધારે અડાલજ ગામના બ્લોક નં.૧ થી ૧૪૭૪ સુધીના યોજના સ્કીમના તકતા ઉપથી નવુ રેકર્ડ તૈયાર કરી હકક પત્રકમા એન્ટ્રી નં.૪૩૬૪ થી તા.૦૧/૦૧/૧૯૬૬ ના રોજ એકત્રીકરણ યોજનાની નોંધ કરી સદર એન્ટ્રી તા.૦૭/૦૨/૧૯૬૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.એ રીતે મજકુર અડાલજ ગામના સર્વે નં.૨૫૩/૮ ની એકર, ૦૦-૨૭ ગુઠા જુની શરતની ખેતીની જમીનને એકત્રીકરણ મુજબ નવો બ્લોક નં. ૩૪૬ ની એકર,૦૦-૨૭ ગુઠા યાને ૨૭૩૨ સ.ચો.મીટર આપવામા આવેલી છે.તેમજ મજકુર જમીનમા સામાન્ય ગણોતીયા તરીકે શ્રી ભલાભાઈ અંબારામનુ નામ ગણોતધારાની કલમ-૮૮(બ) મુજબ દર્શાવેલ છે.

(૨૭)..ત્યારબાદ ગણોતધારાની કલમ-૪૩ મુજબ પ્રતિબંધીત સત્તા પ્રકારે ગણોતીયા શ્રી ભલાભાઈ અંબારામ માલીક થવાથી મજકુર બ્લોક નં.૩૪૬ ની જમીન તથા અન્ય જમીનની ખરીદ કિંમત રૂા.૧૨૦૦/- પુરા ઠરાવી ત્રણ હપ્તે વસુલ આપવા તેમજ તે મુજબ સદર જમીન પર ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવાનો બોજો રાખવા ગણોત કેસ નં.૩૨/જી/અડાલજ/૨/૬૭ થી તા.૧૮/૦૭/૧૯૬૮ ના આદેશથી પ્રમાણીત નકલો આર.ટી.એસ.ડેપ્યુટી મામલતદારનાએ ગામ રૂબરૂ આપવાથી તે અંગેની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૬૦૨૧ થી તા.૦૭/૦૮/૧૯૭૫ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૩/૧૨/૧૯૭૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા શ્રી ભલાભાઈ અંબારામનુ નામ દાખલ કરવામા આવેલુ.પરંતુ સદર જમીનના સત્તા પ્રકારના કોલમમા "પ્રતિબંધીત સત્તા પ્રકાર ગ.ધા.ક.-૪૩" મુજબ એવી નોંધ કરવામા આવેલી છે.

(૨૮)..ત્યારબાદ મજકુર જમીનના ગણોતીયા શ્રી ભલાભાઈ અંબારામે સરકારે નકકી કરેલ ખરીદ કિંમત રૂા.૧૨૦૦/- પુરા મજકુર જમીનના માલીક ધનલક્ષ્મીબેન તે મણીલાલ પ્રાણશંકરની વિધવાને ચુકવી આપતા મે.મામલતદાર સાહેબ અને કૃષિપંચ સાહેબના હુકમના આધારે સદર જમીન મે.કલેકટર સાહેબની પુર્વ મંજુરી સિવાય વેચાણ,ગીરો,વહેંચણી,બક્ષીસ ન કરવાની શરતે બોજા કમીની નોંધ રેકર્ડમા એન્ટ્રી નં.૬૨૨૧ થી તા.૧૬/૧૨/૧૯૭૭ ના રોજ કરી સદર એન્ટ્રી તા. ૨૯/૦૪/૧૯૭૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

PATEL
OCATE *
1977



(૨૯)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા એકત્રીકરણ બાબતે અગાઉ કરવામા આવેલ નોંધમા સુધારાની નોંધ એન્ટ્રી નં.૬૬૪૯ થી તા.૦૩/૧૦/૧૯૮૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૪/૧૨/૧૯૮૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૦)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૨૭૩૨ સ.ચો.મીટર ''પ્રતિબંધીત સત્તા પ્રકાર'' ની ખેતીની જમીન અંગે ખેતી ખેતી માટે ''જુની શરત''માં ટ્રાન્સફર કરવા માટેની પરવાનગી મે.પ્રાંત અધિકારીશ્રી સાહેબ,ગાંધીનગરનાએ તેમના હુકમ નં.એસ.આર./૩૧૦/૯૮/વશી/૭૨૯૦/૯૭-૯૮ થી તા.૨૬/૦૬/૧૯૯૮ ના રોજ મજકુર જમીનના રેકર્ડમાંથી ''પ્રતિબંધીત સત્તા પ્રકાર'' શબ્દ દુર કરવા તેમજ સદર જમીનને ''માત્ર બીનખેતીના હેતુ માટે પ્રીમીયમને પાત્ર'' એવી નોંધ કરવા હુકમ કરેલ છે.મજકુર હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટ્સમા એન્ટ્રી નં.૯૩૫૯ થી તા.૧૧/૧૨/૧૯૯૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૬/૦૧/૧૯૯૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૧)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૨૭૩૨ સ.ચો.મીટર જમીનમાંથી ૮૨૮ સ.ચો.મીટર જમીન રોડ કપાતમા જતા બાકી રહેતી ૧૯૦૪ સ.ચો.મીટર જમીન અંગેની નોંધ દુરસ્તીપત્રક નં.૨૪ ના આધારે કે.જે.પી. દુરસ્તીની નોંધ એન્ટ્રી નં.૯૪૩૭ થી તા.૧૭/૦૭/૧૯૯૯ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૮/૧૦/૧૯૯૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી મજકુર બ્લોક નં.૩૪૬ ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીનનો સ્વતંત્ર માલીક તરીકે શ્રી ભલાભાઈ અંબાલાલ પટેલ કરતા આવેલા.

(૩૨)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની એકર,૦૦-૨૭ ગુઠા જમીન માંથી એકર,૦૦-૦૮ ગુઠા જમીન રોડ કપાતમા જતા બાકી રહેતી એકર,૦૦-૧૯ ગુઠા યાને ૧૯૦૪ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીન તેના માલીક શ્રી ભલાભાઈ અંબાલાલ પટેલ પાસેથી મધુબેન બબાભાઈ પટેલ તથા શ્રી ચંદુભાઈ ત્રિભોવનદાસ સુથારે તેમની સ્ત્રીધનની તથા સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૮/૦૧/૧૯૯૯ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૪૯૭ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.પરંતુ ત્યારબાદ મજકુર જમીન ખરીદ કરનારા મધુબેન બબાભાઈ પટેલ તથા શ્રી ચંદુભાઈ ત્રિભોવનદાસ સુથાર પૈકી શ્રી ચંદુભાઈ ત્રિભોવનદાસ સુથારે મજકુર જમીનમાના તેમના વગર વહેચાયેલ હકક હિસ્સા કોઈપણ જાતનો અવેજ લીધા સિવાય યાને બીનઅવેજી ફારગતીનો લેખ તા.૨૭/૧૧/૧૯૯૯ ના રોજ નોટરી રૂબરૂ સહીઓ કરી જતા યાને રીલીઝ કરેલા છે.જેથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા મધુબેન બબાભાઈ પટેલનુ સ્વતંત્ર નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૯૪૬૬ થી તા.૧૭/૧૧/૧૯૯૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૭/૦૧/૨૦૦૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૩)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૧૯૦૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક મધુબેન બબાભાઈ પટેલ પાસેથી શ્રી ગેબાભાઈ હેમતાભાઈ પટેલ તથા વીણાબેન લાભશંકર

PATEL
CATE *
/1977



નાયકે તેમની સ્વપાર્જીત તથા સ્ત્રીધનની જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૧૩/૧૨/૨૦૦૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૪૫૩૨ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી ગેબાભાઈ હેમતાભાઈ પટેલ તથા વીણાબેન લાભશંકર નાયકના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૯૯૧૮ થી તા.૨૧/૧૨/૨૦૦૩ ના રોજ દાખલ કરવામા આવેલુ.પરંતુ સદર એન્ટ્રી પુર્તતા થયેલ ન હોઈ લાગતા વળગતા અધિકારી દ્રારા "રદ" કરવામાં આવેલી છે.

(૩૪)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૧૯૦૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પૈકી વગર વહેચાયેલ ૯૫૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક વીણાબેન લાભશંકર નાયક પાસેથી શ્રી ગેબાભાઈ હેમતાભાઈ પટેલે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૦૩/૦૪/૨૦૦૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૩૩૭૩ થી તા.૦૪/૦૪/૨૦૦૬ ના રોજ નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.

(૩૫)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૧૯૦૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક શ્રી ગેબાભાઈ હેમતાભાઈ પટેલ પાસેથી મધુબેન બબાભાઈ પટેલે તેમની સ્વપાર્જીત તથા સ્ત્રીધનની જાત કમાણીની આવકના નાણામાંથી રકમો ચુકવી તા.૦૭/૧૦/૨૦૦૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં. ૧૦૩૧૫ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.

(૩૬)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૨૭૩૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક મધુબેન બબાભાઈ પટેલ પાસેથી શ્રી નવીનકુમાર શંકરલાલ ઠકકર તથા શ્રી રસિકભાઈ શંકરલાલ ઠકકરે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા. ૦૭/૧૦/૨૦૦૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૦૩૧૬ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.જેથી મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી નવીનકુમાર શંકરલાલ ઠકકર તથા શ્રી રસિકભાઈ શંકરલાલ ઠકકરના સંયુકત નામ એન્ટ્રી નં.૧૦૬૯૮ થી તા.૨૯/૧૨/૨૦૦૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૬/૦૪/૨૦૦૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૭)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૨૭૩૨ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીક શ્રી નવીનકુમાર શંકરલાલ ઠકકર તથા શ્રી રસિકભાઈ શંકરલાલ ઠકકર પાસેથી શ્રી માધુભાઈ ચેલદાસ પટેલ તથા રાજુલાબેન પ્રભુદાસ પટેલ તથા શ્રી ગીરીશકુમાર પ્રહલાદભાઈ પટેલ તથા શ્રી કિર્તીભાઈ ગણેશભાઈ પટેલે તેમની સ્વપાર્જીત તથા સ્ત્રીધનની જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૯/૦૫/૨૦૦૭ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૬૭૭૧ થી તે જ તારીખે નોંધાવી કુલ

અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.જેથી મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી માધુભાઈ ચેલદાસ પટેલ વિગેરેના સંયુકત નામ એન્ટ્રી નં.૧૧૧૩૮ થી તા.૩૦/૧૧/૨૦૦૭ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૧/૦૪/૨૦૦૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૮)..મજકુર જમીનના રેકર્ડમા મે.મામલતદાર સાહેબ,ગાંધીનગરના હુકમ નં.જમીન/વશી.૬૫૦૨/૦૮ થી તા.૦૮/૦૯/૨૦૦૮ ના રોજના હુકમથી ૭ અને ૧૨ નુ રેકર્ડ પ્રમોલગેશન કરવાની કાર્યવાહી માટે હાલના કોમ્પુટરાઈઝ રેકર્ડનુ મેળવણુ કરી રેકર્ડમા જણાવેલ ક્ષતિઓનો સુધારો કરવા હુકમ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમાં એન્ટ્રી નં.૧૧૪૪૯ થી તા.૨૯/૦૯/૨૦૦૮ ના રોજ રેકર્ડમાં નોંધ કરી સદર એન્ટ્રી તા.૧૯/૦૧/૨૦૦૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૩૯)..મજકુર જમીનના રેકર્ડમા શરત ચુકથી પડેલ કે.જે.પી.દુરસ્તીની નોંધ નં.૧૩૩૮૯ થી તા.૨૮/૦૧/૨૦૧૩ ના રોજ પાડવામા આવેલી.પરંતુ સદર એન્ટ્રી તા.૧૨/૦૩/૨૦૧૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા "રદ" કરવામા આવેલી છે.

(૪૦)..મજકુર જમીનના રેકર્ડમા મે.ડી.આઈ.એલ.આર.સી.ગાંધીનગરના દુરસ્તી પત્રક નં.૧૩૫ મોકલતા તથા નગર રચનાના રેકર્ડના આધારે મજકુર જમીનના રેકર્ડમા કે.જે.પી.દુરસ્તીની નોંધ નં.૧૩૪૦૬ થી તા.૧૨/૦૨/૨૦૧૩ ના રોજ કરવામા આવેલી.પરંતુ સદર નોંધ તા.૨૪/૦૬/૨૦૧૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા રદ કરવામા આવેલી છે.

(૪૧)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૧૯૦૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી માધુભાઈ ચેલદાસ પટેલ તથા રાજુલાબેન પ્રભુદાસ પટેલ તથા શ્રી ગીરીશકુમાર પ્રહલાદભાઈ પટેલ તથા શ્રી કિર્તીભાઈ ગણેશભાઈ પટેલ પાસેથી શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા (૫૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી મનીષભાઈ સીતારામભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી રાજ સુરેશભાઈ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી ગણેશભાઈ મણીલાલ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી પોપટભાઈ જીવણલાલ પટેલ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી નરેશભાઈ દલાભાઈ લેઉઆ (૧૦ ટકાના હિસ્સેદાર)એ અમારી સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં. ૧૩૧૧૯ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૧૪૬૨૧ થી તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૧/૧૨/૨૦૧૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

PATEL
VOCATE
5/1977



(૪૨)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં.૨૫૩/૮) ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાલજ) પાર્ટ-એ મા આવરી લઈ ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો. મીટર જમીન ફાળવવાનુ નકકી કરેલુ.

(૪૩)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં.૨૫૩/૮) ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીન ઉચ્ચક કુલે રૂા.૬૬,૯૩,૫૦૦/- અંકે રૂપિયા છાંસઠ લાખ ત્રાણુ હજાર પાંચસો પુરામા મજકુર જમીનના માલીકો શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરે પાસેથી "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ લેવાનુ નકકી કરેલુ.તેમજ સદર જમીનના મળવા પાત્ર ફા.પ્લોટ પ્રમાણેની જમીનમા સરકારમા ભરવાની થતી પ્રિમીયમની રકમો તથા એન.એ. ની પરવાનગી મેળવવાની જવાબદારી સદર "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ પુર્ણ કરેલી.

(૪૪)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીનના મળવા પાત્ર ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર જમીનમા વાણિજય હેતુ માટે જુની શરતમા ટ્રાન્સફર કરવા માટેની પરવાનગી મેળવવા માટે મજકુર જમીન માલીકોના નામથી "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ ગાંધીનગરના મે.કલેકટર સાહેબની કચેરીમાં અરજી કરતા ગાંધીનગરના મે.કલેકટર સાહેબે તેમના હુકમ નં. પુનઃવિચારણા એસ.આર./૧૧૪/૧૭/સીબી/ગણોત/વશી. ૪૭૯૨ થી ૪૮૦૦/૨૦૧૭ થી તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ સદર જમીનની જંત્રીની કિંમત રૂા.૬૬,૯૩,૫૦૦/- પુરાની રકમના ૪૦ ટકા લેખે ભરવાની થતી પ્રિમીયમની રૂા.૨૬,૭૭,૪૦૦/- પુરા ભરપાઈ કરવા માટેની જાણ કરતા મજકુર પ્રિમીયમની રકમ સદર "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ સરકારમા જમા કરાવેલી. તેમજ મજકુર રકમ ભરપાઈ થયા બાદ અડાલજ ગામના મે.તલાટી કમ મંત્રીશ્રી સાહેબે પહોંચ આપી સરકારમા પ્રિમીયમની રકમ ભર્યાની જાણ કરેલી છે.જેની રૂઈએ મજકુર જમીનને બીનખેતીના વાણિજય હેતુ માટે હેતુ ફેર કરવાની મંજુરી આપેલ છે.સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૪૯૨૪ થી તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૯/૦૩/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૪૫)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં.૨૫૩/૮) ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર ખેતીની જમીનમા બીનખેતીનો ઉપયોગ કરવા માટેની પરવાનગી મેળવવા માટે મજકુર જમીન માલીકોના નામથી "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીએ ગાંધીનગરના મે.કલેકટર સાહેબની કચેરીમા અરજી કરતા ગાંધીનગરના મે. કલેકટર સાહેબે તેમના હુકમ નં.સીબી/જમીન/તત્કાલ/બી.ખે./એસ.આર./૪૫/૧૭/વશી.૩૭૫૭૫ થી ૩૭૫૮૯/૨૦૧૮ થી તા.૨૯/૧૦/૨૦૧૮ ના રોજ પરવાનગી આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં. ૧૫૨૮૯ થી તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૦/૧૨/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૪૬)..ત્યારબાદ સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીએ મજકુર જમીનના અગાઉના માલીકો શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરે પાસેથી કરાવેલ લખાણને આધીન મજકુર બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં. ૨૫૩/૮)ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર વાણિજ્ય હેતુ માટેની એન.એ.વાળી જમીન તેના માલીકો શ્રી રસીકલાલ જેઠાલાલ કોટેચા વિગેરે પાસેથી સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી નરેન્દ્રકુમાર ઠાકરશીભાઈ ઠક્કરે તા.૦૩/૧૨/૨૦૧૮ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૪૫૦૦ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૫૩૦૯ થી તા.૦૫/૧૨/૨૦૧૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૮/૦૧/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૪૭)..ત્યારબાદ બ્લોક નં.૩૪૩ ની જમીનના ફા.પ્લોટ નં.૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર જમીન તથા બ્લોક નં.૩૪૬ પૈકીની જમીનના ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર જમીન મળી કુલે- ૨૯૨૬ સ.ચો.મીટર એન.એ.વાળી જમીનમા એમાર્ગેશન કરવા માટેની એકત્રીકરણ માટે વિકાસ પરવાનગી મેળવવા માટે સદર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીએ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમા અરજી કરતા મે.જુનીયર નગર નિયોજકશ્રી સાહેબ (ગુડા), ગાંધીનગરનાએ તેમના ક્રમાંકઃપીઆરએમ /અડાલજ/૧૪૩/૦૩/૨૦૧૮/૯૮૬૦/૨૦૧૯ થી તા.૦૫/ ૦૮/૨૦૧૯ ના રોજ ફા.પ્લોટ નં.૨૭ + ૩૩ ની ૨૯૨૫ સ.ચો.મીટર જમીન એકત્રીકરણ માટે વિકાસ પરવાનગી આપેલી છે.

(૪૮)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૨૭ + ૩૩ ની ૨૯૨૫ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન ઉપર વાણિજ્ય હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા) ની કચેરીમા અમો પ્રમોટરે અરજી કરતા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના મે.જુનીયર નગર નિયોજકશ્રી સાહેબે તેમના ક્રમાંકઃપીઆરએમ/અડાલજ/૧૪૩/૦૩/૨૦૧૮/૯૮૬૦/૨૦૧૯ થી તા.૦૫/ ૦૮/૨૦૧૯ ના રોજ વિકાસ માટે પરવાનગી આપેલી છે.

(૪૯)..ત્યારબાદ મજકુર બ્લોક નં.૩૪૩ ની જમીનના ફા.પ્લોટ નં.૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર જમીન તથા બ્લોક નં.૩૪૬ પૈકીની જમીનના ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર જમીન મળી કુલે- ૨૯૨૬ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન અગાઉ ૭ અને ૧૨ ના રેકર્ડમા ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ ચાલતુ આવેલુ.પરંતુ ત્યારબાદ મજકુર ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીએ ''એરીયન રીયાલીટી'' એ નામની ભાગીદારી પેઢીમાંથી તમો ''એરીયન રીયાલીટી એલએલપી'' જે લીમીટેડ લાયાબીલીટીઝ પાર્ટનરશીપમા ટ્રાન્સફર કરવા માટે તમોએ મે.આસીસટન્ટ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝની કચેરીમા અરજી કરતા મે.આસીસટન્ટ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝના મે.શીવરાજ સી.રંજેરીએ સદર ''એરીયન રીયાલીટી એલએલપી'' જે લીમીટેડ લાયાબીલીટીઝ પાર્ટનરશીપને સદર લીમીટેડ લાયાબીલીટીઝ પાર્ટનરશીપ એક્ટ- ૨૦૦૮ ની કલમ- ૨૩(૪) અન્વયે

રજીસ્ટ્રેશન નં.**AAQ-6772** થી તા.૨૭/૦૯/૨૦૧૯ ના રોજથી નોંધણી કરેલ છે.ત્યારબાદ સદર નોંધણીના આધારે તમો "એરીયન રીયાલીટી એલએલપી" એ નામથી લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ એગ્રીમેન્ટ તા.૦૫/૧૦/૨૦૧૯ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કરી તેમા સદર પેઢીના ભાગીદારોએ સહીમતા કરેલ છે.જેથી મજકુર બંને બ્લોક નંબરોની જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા "એરીયન રીયાલીટી" એ નામની ભાગીદારી પેઢીની જગ્યાએ તમો "એરીયન રીયાલીટી એલએલપી" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ દાખલ કરવા માટે મે.મામલતદાર સાહેબ,ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,ભારત સરકારના કોર્પોરેટ અફેર્સના મંત્રાલયના ફોર્મ નં. ૧૯ ની નકલ તથા પાર્ટનરશીપ ડીડની રકમ તથા સોગંદનામાના આધારે એન્ટ્રી નં.૧૫૮૦૨ થી તા. ૨૫/૧૦/૨૦૧૯ ના રોજ તમો "એરીયન રીયાલીટી એલએલપી" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૮/૧૧/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૫૦)..ત્યારથી મજકુર બ્લોક નં.૩૪૩ તથા બ્લોક નં.૩૪૬ પૈકીની જમીનના અનુક્રમે ફા.પ્લોટ નં.૨૭ તથા ફા.પ્લોટ નં.૩૩ ની કુલે- ૨૯૨૬ સ.ચો.મીટર એન.એ. વાળી જમીનનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો તમો "એરીયન રીયાલીટી એલએલપી" એ નામની ભાગીદારી પેઢી કરતા આવેલા હતા અને હાલ કરો છો.

(૫૧)..ત્યારબાદ તમોએ મજકુર ફા.પ્લોટ નં.૨૭ + ૩૩ ની ૨૯૨૬ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન ઉપર વાણિજય હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના રીવાઈઝ પ્લાન ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા) ની કચેરીમા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના મે.જુનીયર નગર નિયોજકશ્રી સાહેબે તેમના ક્રમાંકઃ પીઆરએમ/અડાલજ/૧૪૩/૦૩/૨૦૧૮/૮૬૬૨/૨૦૨૦ થી તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ પ્લાન મંજુર કરી વિકાસ માટે પરવાનગી આપેલી છે.મજકુર ફા.પ્લોટ નં.૨૭ + ૩૩ ની ૨૯૨૬ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન પર મંજુર કરાવેલ પ્લાનને આધારે બેઝમેન્ટ-૨ પાર્કીંગ,બેઝમેન્ટ-૧ પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફલોર ઉપર ૦૬ એકમ યાને યુનીટો તથા ફસ્ટ ફલોર ઉપર ૦૨ એકમ યાને યુનીટો તથા સેકન્ડ ફલોર ઉપર ૦૨ એકમ યાને યુનીટો તથા થર્ડ ફલોર ઉપર ૨૩ એકમ યાને યુનીટ તથા ફોર્થ ફલોર ઉપર ૨૨ એકમ યાને યુનીટ તથા ફીફથ ફલોર ઉપર ૨૫ એકમ યાને યુનીટ તથા સીકસ ફલોર ઉપર ૦૨ એકમ યાને યુનીટ તથા તે ઉપર સ્ટેર કેબીન,લીફટ,મશીન રૂમ તથા ઓવર હેડ પાણીની ટાંકી સહીત કુલે-૮૨ વાણિજય હેતુ માટેના યુનીટો યાને એપાર્ટમેન્ટનુ બાંધકામ ૧૫૩૭૧.૨૫ સ.ચો.મીટર બીલ્ટઅપ એરીયા પ્રમાણે કરવાનુ નકકી કરેલુ છે.

ત્યારથી મોજે અડાલજ ગામની સીમના બ્લોક નં.૩૪૩ (જુના સર્વે નં.૨૫૩/૬) ની ૨૬૩૦ સ.ચો.મીટર જમીન તથા બ્લોક નં.૩૪૬ (જુના સર્વે નં.૨૫૩/૮) ની ૧૯૦૪ સ.ચો.મીટર જમીન પૈકી ૧૮૭૨ સ.ચો.મીટર જમીન મળી મજકુર બંને જમીનોને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાલજ) પાર્ટ-એ મા આવરી લઈ ફાળવવામા આવેલ અનુક્રમે ફા.પ્લોટ નં. ૨૭ ની ૧૭૦૯ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન તથા ફા.પ્લોટ નં.૩૩ ની ૧૨૧૭ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન મળી કુલે- ૨૯૨૬ સ.ચો.મીટર વાણિજય હેતુ માટેની એન.એ.વાળી જમીન તમો **"એરીયન રીયાલીટી એલએલપી"** ના સ્વતંત્ર નામે રેકર્ડ ઓફ રાઈટ્સમાં કબજેદારના કોલમમાં માલીક તરીકે હોવાનુ

જણાઈ આવે છે તથા સદર જમીન તથા તે ઉપર બાંધવામાં આવેલ મિલ્કતમાં બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ- ભાગ, હકક, હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી તેઓ અમો નીચે સહી કરનાર આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા. ૧૧ માહે જાન્યુઆરી સને- ૨૦૨૧ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N. K. PATEL * ADVOCATE * G/425/1977

(શ્રી એન.કે.પટેલ એડવોકેટ)